

# પ્રો. શ્વેતા રણજિતસિંહ પંવાર

**આસિસ્ટન્ટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ**

(IQAC Asst. Co-ordinator)

પ્રો. શ્વેતા આર. પંવાર વિદ્યાર્થી અવસ્થાથી જ તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવે છે. તેમણે વર્ષ ૨૦૦૦માં ગાંધીનગરની સરકારી આર્ટ્સ કૉલજમાંથી સ્નાતક કક્ષાનો અભ્યાસ કરીને ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા (અંગ્રેજી વિષય) ૭૪% સાથે પાસ કરીને સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. અનુસ્નાતક અભ્યાસમાં પણ એમની તેજસ્વિતા વ્યક્ત થાય છે. તેમણે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨માં ગાંધીનગરની સરકારી આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી વિષય સાથે અભ્યાસ કર્યો અને ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા ૬૪% સાથે પ્રથમ વર્ગમાં પાસ કરી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૪માં એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરથી બી.એડ્.ની પદવી ૮૨% (ફર્સ્ટ ક્લાસ વિથ ડિસ્ટિંક્શન) સાથે પાસ કરીને તેમની વિદ્યા પ્રીતિ પુરવાર કરી છે.

આ ઉપરાંત પ્રો. શ્વેતા આર. પંવારે CCC ની પ્રમાણપત્ર પરીક્ષા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી પાસ કરી છે. તેઓએ કૉલજમાં અધ્યાપક બનવા માટે અત્યાવશ્યક પરંતુ અત્યંત કઠિન એવી જીસેટ (GSET) ની પરીક્ષા પણ શૈક્ષણિક વર્ષ ૨૦૦૬માં પાસ કરી છે.

પ્રો. શ્વેતા આર. પંવારે તેમની કારકીર્દીની શરૂઆત ગાંધીનગરની સરકારી આર્ટ્સ કૉલેજ તથા પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે જોડાઈને કરી. આ બન્ને સંસ્થામાં તેમણે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨થી શૈક્ષણિક વર્ષ ૨૦૦૭ સુધી સેવા આપી છે. ત્યાર બાદ ગાંધીનગર ખાતે સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં એપ્રિલ ૨૦૦૭થી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાઈને કારકિર્દી આગળ ધપાવી છે. તેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨માં ગુજરાત યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક શિક્ષકની માન્યતા પ્રાપ્ત કરી છે. તેઓ ૧૩ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ ધરાવે છે.

તેઓશ્રીએ અત્યાર સુધીમાં દસથી વધારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈને શોધપત્ર પ્રસ્તુત કર્યા છે. આ ઉપરાંત વિવિધ સામયિક અને પુસ્તકોમાં તેમના પાંચ જેટલા સંશોધન લેખો પ્રકાશિત થઈ ચૂક્યા છે.

પ્રો. શ્વેતા આર. પંવારે આ તેર વર્ષના ગાળા દરમિયાન કૉલેજની વિવિધ સમિતિઓમાં સક્રિય કામગીરી કરી છે. તેઓ પરીક્ષા સમિતિ, વેબસાઇટ સમિતિ જેવી મહત્ત્વની સમિતિમાં સક્રિય રહ્યાં છે. તો હેલ્થ અને યોગ સમિતિ અને ડેલ સમિતિમાં કૉઑર્ડિનેટર તરીકે પણ પ્રશંસનીય કામગીરી કરી છે. વર્તમાન સમયમાં તેઓ કૉલેજની IQAC સમિતિમાં આસિસ્ટન્ટ કૉઑર્ડિનેટર તરીકે સક્રિય રીતે પોતાની ભૂમિકાને ન્યાય આપી રહ્યાં છે. આ ઉપરાંત તેઓ કૉલેજની IQAC કોર કમિટીનાં પણ સભ્ય છે.



આદરણીય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા સરની અધ્યક્ષતામાં મળેલ મીટિંગમાં
કાર્ય આયોજનની રજૂઆત કરતાં પ્રા. શ્વેતા પંવાર



વિદ્યાર્થી સજ્જતા શિબિર (અંગ્રેજી વિભાગ)માં સંચાલન કરતાં પ્રા. શ્વેતા પંવાર
(ડૉ. ગીતા ચૌધરી, પ્રિ. ડૉ. દીપક પંડ્યા સરની ઉપસ્થિતિમાં તા. ૧૦ થી ૧૪-૯-૨૦૧૮



ગુજ. યુનિ. યુવક મહોત્સવ (તા. ૬-૭ સપ્ટેમ્બર ૨૦૧૯)
ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન કરતાં પ્રા. શ્વેતા પંવાર



સમર્પણ ગૌરવ સન્માન સમારંભમાં આદ. શંકરસિંહજી વાઘેલા સર, આદ. મહેન્દ્રસિંહ વાઘેલા સર,
આદ. શાસ્ત્રી સરની ઉપસ્થિતિમાં સંચાલન કરતાં પ્રા. શ્વેતા પંવાર (તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૮)



હેલ્થ કમિટીના કૉ-ઑર્ડિનેટર તરીકે થેલેસેમિયા કાઉન્સેલિંગ કરતાં
ડૉક્ટર્સ અને વાઇસ પ્રિન્સીપાલ ડૉ. હેમંત વૈષ્ણવ સાથે પ્રા. શ્વેતા પંવાર



નેક પીયર ટીમ-૨૦૧૯ સાથે હેલ્થ કમિટીના કૉ-ઑર્ડિનેટર તરીકે
રજૂઆત કરતાં પ્રા. શ્વેતા પંવાર અને ડૉ. હેમંત વૈષ્ણવ



ગુજ. યુનિ. યુથ ફેસ્ટિવલ ૨૦૧૯ સમાપન સમારંભમાં સંચાલન કરતાં
પ્રા. શ્વેતા પંવાર અને પ્રા. વૈભવ કોઠારી




સમર્પણ વાર્ષિકોત્સવમાં સંચાલન કરતાં
પ્રા. શ્વેતા પંવાર